eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 170
December 05, 2008

## સુરત મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર ધ્વારા "બેસ્ટ પરફોર્મીંગ સીટી", જે.એન.એન.યુ.આર.એમ. એવોર્ડ



જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન (જે.એન.એન.યુ.આર.એમ.) હેઠળ મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, નવી દિલ્હી ધ્વારા શહેરી સેવાઓ અને આર્થિક વ્યવસ્થાપનમાં નોંધ પાત્ર કામગીરી દર્શાવનારા શહેરો **(Best Performing City)** માટે એવોર્ડ આપવાનું નકકી કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હરિઃ ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૧૪/૧૨/૨૦૦૮ ને રવિવારના રોજ દોડ સ્પર્ધા અને સાયકલ સ્પર્ધા

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૧૪/૧૨/૨૦૦૮ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા, નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન પાસે, મોરાભાગળ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગની લગ્નગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૩–૧૨–૨૦૦૮નાં રોજ યોજાનાર લગ્નગીત સ્પર્ધા હવે તા.૧૫–૧૨–૨૦૦૮ના રોજ ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે– ૨જી ડિસેમ્બર–૨૦૦૮ : માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર ધ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સંબંધી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુધીમાં ભારતમાંથી **Lymphatic Filariasis** (હાથી પગાનો રોગ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે. આ માટે હાથીપગા માટે જવાબદાર પરોપજીવી માઈક્રો ફાઈલેરીયાનો નાશ કરવાથી આ રોગને અંકુશ લાવી શકાય તેમ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોનની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮–૧૧–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" અંતગર્ત સુરત મહાનગર પાલિકા ધ્વારા રંગોળી સ્પર્ધા

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" અંતગર્ત સુરત મહાનગર પાલિકા ધ્વારા રંગોળી સ્પર્ધા તા. ૦૮–૧૨–૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં ૨૮ દબાણો દૂર કરવામાં આવ્યા. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "વિશ્વ એઈડસ દિન" નિમિતે વિવિધ કાર્યક્રમોનું સુરત મહાનગરપાલિકાનું આયોજન



૧ લી ડિસેમ્બર ***"વિશ્વ એઈડસ દિન"*** નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેના ભાગ રૂપે સવારે રેલી નો કાર્યક્રમ રાખેલ હતો ત્યારબાદ બપોરે ૪ઃ૦૦ વાગે સુરત મહાનગરપાલિકાના સરદાર ખંડ માં મ્યુનિસિપલ કાઉન્સિલરોની એડવોકસી મિટિંગનું આયોજન મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા ના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સ્કુલ ચિલ્ડ્રન હોલ" ની ઉદઘાટનવિધિ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે સંપન્ન

સુરત મહાનગરપાલિકા ધ્વારા રાંદેર ઝોનમાં ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે છત્રપતી શીવાજી માર્ગ સુરત ખાતે આજ રોજ તા.૦૪–૧૨–૨૦૦૮નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે "સ્કુલ ચિલ્ડ્રન હોલ" ની ઉદઘાટનવિધિ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર ધ્વારા "બેસ્ટ પરફોર્મીંગ સીટી", જે.એન.એન.યુ.આર.એમ. એવોર્ડ




જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન (જે.એન.એન.યુ.આર.એમ.) હેઠળ મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, નવી દિલ્હી ધ્વારા શહેરી સેવાઓ અને આર્થિક વ્યવસ્થાપનમાં નોંધ પાત્ર કામગીરી દર્શાવનારા શહેરો **(Best Performing City)** માટે એવોર્ડ આપવાનું નકકી કરવામાં આવેલ જે અંતર્ગત પ્રગતિ મેદાન, નવી દિલ્હી ખાતે તા.૦૩/૧૨/૨૦૦૮ ના રોજ સુરત મહાનગરપાલિકાને **Achievement for Financial Sustainability** ની કેટેગરી હેઠળ **Implementation of Reforms** માટે વર્ષ ૨૦૦૭–૦૮ માટે **Best Performing City** નો એવોર્ડ આપવામાં આવેલ છે.

સદર એવોર્ડ મા. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રીશ્રી જયપાલ રેડ્ડીના હસ્તે સુરત મહાનગરપાલિકા તરફથી ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી જે.એમ.પટેલ તથા ટાઉન પ્લાનરશ્રી દેબાશીષ બસાક ધ્વારા સ્વીકારવામાં આવેલ. કુલ્લે ૬૩ જે.એન.એન.યુ.આર.એમ. શહેરોમાંથી સદર એવોર્ડ માટે સુરત મહાનગરપાલિકાની પસંદગી કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણા જણાવે છે કે સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રોજેકટો અને રીફોર્મ્સના અમલીકરણ માટે સતત અને સક્રિય પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ઉત્કૃષ્ટ વ્યવસ્થા, જવાબદાર તંત્ર, શહેરી સેવાઓનું શ્રેષ્ઠ સ્તર અને શહેરી ગરીબોને તેવી સેવાઓ સાથે સાંકળવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા નીચે મુજબના ક્ષેત્રોમાં રીફોર્મ્સ હાથ ધરવામાં આવેલ છે.

### (૧) એકાઉન્ટીંગ રીફોર્મ્સ :

સુરત મહાનગરપાલિકા ધ્વારા સને ૧૯૯૨ થી એક્રુઅલ બેઝડ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમ અપનાવવામાં આવેલ છે જે થકી સુરત મહાનગરપાલિકાએ આશરે રૂા.૩૧૯૪ કરોડની મિલ્કતોને આકારવાનું ભગીરથ કામ પૂર્ણ કરેલ છે. સુરત મહાનગરપાલિકાને **CRISIL** ધ્વારા **AA-** નું રેટીંગ આપવામાં આવેલ છે જે દેશ ભરની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહત્તમ છે.

### (૨) પ્રોપર્ટી ટેકસ રીફોર્મ્સ :

સુરત મહાનગરપાલિકા ધ્વારા એરીયા બેઝડ આકારણી પધ્ધતી લાગુ પાડવામાં આવેલ છે તેમજ શહેરની તમામ મિલ્કતોને આકારણી હેઠળ આવરી લેવામાં આવેલ છે. મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ અન્વયેના ૭૫% ના લક્ષ્યાંકની સામે માર્ચ ૨૦૦૮ માં કરન્ટ ડીમાન્ડના ૯૬.૭૬% તેમજ કુલ ડીમાન્ડના ૮૨.૯૫% નું કલેકશન મેળવેલ છે.

### (૩) યુઝર ચાર્જીસ રીફોર્મ્સ :

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૦૦૭–૦૮ થી પાણી, સીવરેજ અને સોલીડ વેસ્ટના યુઝર ચાર્જીસના કલેકશન માટે નવી પોલીસી લાગુ પાડવામાં આવેલ છે. યુઝર ચાર્જીસના કલેકશન માટે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ અન્વયેના ૨૦૦૭–૦૮ ના ૫૫ % નો લક્ષ્યાંક સુરત મહાનગરપાલિકાએ મેળવેલ છે.

### (૪) ઈ–ગવર્નન્સ રીફોર્મ્સ :

સને ૧૯૯૯ થી સુરત મહાનગરપાલિકાની પોતાની **IT Policy** અસ્તિત્વમાં છે જે નેશનલ ઈ–ગવર્નન્સ સ્ટાન્ડર્ડસોને અનુરૂપ છે. સદર **IT Policy** થકી સુરત મહાનગરપાલિકાએ ૫૦ થી વધુ એપ્લીકેશનો ડેવલપ કરી લાગુ પાડેલ છે. સુરત મહાનગરપાલિકાએ આખા શહેરમાં ૧૬ સીવીક સેન્ટરો સ્થાપેલ છે જે શહેરીજનો માટે ફરિયાદ રજીસ્ટ્રેશન, જન્મ–મરણ નોંધણી, વિવિધ લાયસન્સોના રીન્યુઅલ, દુકાનો તેમજ મિલ્કતોની નોંધણી, ટેક્ષ પેમેન્ટ વગેરે. જેવી સેવાઓ માટે સીંગલ વીન્ડો સર્વિસ પુરવાર થયા છે. સદર સેવાઓ માટે સુરત મહાનગરપાલિકાને નેશનલ ઈ–ગવર્નન્સ એવોર્ડ ૨૦૦૮ પ્રાપ્ત થયેલ છે.

આજ દિન સુધીમાં સુરત મહાનગરપાલિકાએ રાજય અને કેન્દ્ર સરકાર પાસેથી વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતાં ૨૪ પ્રોજેકટો (રૂા.૧૬૩૪ કરોડ) અને શહેરી ગરીબો માટે આવાસ બાંધકામને લગતા ૭ પ્રોજેકટો (રૂા.૫૫૭ કરોડ) મળી કુલ્લે ૩૧ પ્રોજેકટો (રૂા.૨૧૯૧ કરોડ) ની મંજુરી મેળવેલ છે અને વિવિધ તબબકે પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેકટો પૂર્ણ થયેથી શહેરીજનોને બસ રેપીડ ટ્રાન્સીટ સિસ્ટમ, ફલાય ઓવર બ્રીજ, તાપી નદી ઉપરના બ્રીજ, પાણી/ગટર/સ્ટોર્મ વ્યવસ્થા માટેના આયોજનબધ્ધ સુવિધાઓનો લાભ મળશે.

TOP

## હરિ: ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૧૪/૧૨/૨૦૦૮ ને રવિવારના રોજ દોડ સ્પર્ધા અને સાયકલ સ્પર્ધા

હરિ: ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ" સ્પર્ધાનું આયોજન તા. ૧૪/૧૨/૨૦૦૮ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા, નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાન પાસે, મોરાભાગળ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા માં ૯ થી ૧૩ વર્ષની વયના સુરતના વિદ્યાર્થી /વિદાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, કાશમીરા બિલ્ડીંગ, મુગ્લીસરા , સુરત ખાતેથી તા. ૦૮/૧૨/૨૦૦૮ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે.

TOP

## સાંસ્કૃતિક વિભાગની લગ્નગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૩–૧૨–૨૦૦૮નાં રોજ યોજાનાર લગ્નગીત સ્પર્ધા હવે તા.૧૫–૧૨–૨૦૦૮ના રોજ ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળા/સંસ્થાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ મુગલીસરા, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની સામે આવેલ કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત સાંસ્કૃતિક વિભાગમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તારીખ ૦૮–૧૨–૨૦૦૮ રાખવામાં આવી છે.

TOP

## રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે– ૨જી ડિસેમ્બર–૨૦૦૮ : માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર ધ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સંબંધી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુધીમાં ભારતમાંથી **Lymphatic Filariasis** ( હાથી પગાનો રોગ ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે. આ માટે હાથીપગાના રોગ માટે જવાબદાર પરોપજીવી માઈક્રો ફાઈલેરીયાનો નાશ કરવાથી આ રોગને અંકુશ લાવી શકાય તેમ છે. આ માટે ભારત સરકાર ધ્વારા આગામી તા.૨–૧૨–૨૦૦૮ ના દિવસને નેશનલ ફાઈલેરીયા ડે તરીકે ઉજવવવાનું નકકી કરવામાં આવેલ છે. તથા તા.૧–૧૨–૦૮ થી તા.૬–૧૨–૦૮ દરમ્યાન શહેરની તમામ વ્યકિતઓને એક જ દિવસ એક જ ડોઝ **DEC** ટેબ્લેટસનો ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ માટે ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨–૧૨–૨૦૦૮ નાં રોજ ફાઈલેરીયા ડે નાં દિવસે સુરત શહેરનાં તમામ વિસ્તારોમાં માઈક્રો ફાઈલેરીયાના વાહન દર્દીઓની સંખ્યા વધતી અટકાવી શકાય તે માટે તમામ વ્યકિતઓને દવાનો નિયત ડોઝ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

લિમ્ફેટીક ફાઈલેરીયાસીસ એ કયુલેકસ માદા મચ્છરો ધ્વારા ફેલાતો રોગ છે. જે મચ્છરો ગંદા પાણીમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યના શરીરમાં રહેલા માઈક્રો ફાઈલેરીયા નામના પરોપજીવી કે જે હાથીપગાના રોગના ફેલાવા માટે જવાબદાર છે. તેનો એક મનુષ્યમાંથી બીજા મનુષ્યમાં ફેલાવો આ માદા કયુલેકસ મચ્છરો ધ્વારા કરવામાં આવે છે. એક વાર મનુષ્યમાં આ રોગના લીધે શરીર ઉપરના સોજા ચાલુ થાય, ત્યાર બાદ તેને સંપુર્ણ સાજો કરવો શકય નથી, આથી મનુષ્યમાં રહેલા માઈક્રો ફાલેરીયા મનુષ્યની લિમ્ફીટીક સીસ્ટમ ઉપર અસર કરી શરીર ઉપર સોજા ચઢવાના શરૂ થાય તે પહેલા **DEC** દવા ગળવાથી આ રોગ ઉપર અંકુશ મેળવી શકાય છે. બહારથી સંપુર્ણ સ્વસ્થ દેખાતી વ્યકિતને પણ માઈક્રો ફાઈલેરીયાનો ચેપ મચ્છરો ધ્વારા લાગુ પડેલ હોય શકે છે. આથી કોઈ પણ પ્રકારના દેખીતા ચિન્હો સિવાય પણ વ્યકિત ફાઈલેરીયા ગ્રસ્ત અને તેના ફેલાવા માટે જવાબદાર હોય શકે છે. આથી સમયસર ફકત પરિક્ષણ અને માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન (**MDA**) પ્રોગ્રામ હેઠળ દવા ગળી આ રોગ સામે સ્વયંપણે રક્ષિત થઈ શકે છે. અને અન્યોને પણ આના ચેપથી બચાવી શકાય છે.

આ કાર્યક્રમ સફળતા માટે અને લોકોને આ કાર્યક્રમ ધ્વારા લીમ્ફેટીક ફાઈલેરીયાસીસ (હાથી પગાના રોગ) થી રક્ષિત કરવા માટે લોકોનો અને સમાજના અગ્રગણ્ય વ્યકિતઓનો સ્વયંભુ સહકાર ખૂબ જ મહત્વની વસ્તુ છે.જેથી કરીને સમાજના તમામ વર્ગને આ ભયંકર રોગના વિકરાળ જડબામાંથી બચાવી સમાજ સેવાનું એક ઉમદા કાર્ય પાર પાડી શકાય.

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨–૧૨–૨૦૦૮ ના નેશનલ ફાઈલેરીયા દિનના રોજ આયોજન કરેલ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન પ્રોગ્રામ માટે તૈયાર કરવામાં આવેલ એકશન પ્લાનની રૂપ રેખા મુજબ સુરત શહેરની વર્ષ ૨૦૦૮ ની ૩૮,૫૦,૭૯૬ ની લક્ષ્યાંક વસ્તીને આવરી લેવા માટે કુલ ૧૬૦૦ ટીમો બનાવવામાં આવેલ છે, અને કુલ ૩,૨૦૦ સ્ટાફ રોકવામાં આવેલ છે. દરેક ટીમમાં બે ડ્રગ ડિસ્ટ્રીબ્યુટર હશે. ૧૫ ટીમ દીઠ એક સુપરવાઈઝર રોકવામાં આવેલ છે. આમ, કુલ ૧૧૦ સુપરવાઈઝરો રોકવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાનાં ૩૦ અર્બન હેલ્થ સેન્ટરો તથા હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ અને હોસિપટલોને ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મ્યુ. કમિશનરશ્રી, ડે. કમિશનર (હે. અને હો.), આરોગ્ય અધિકારી તથા જંતુનાશક અધિકારી અને તમામ ઝોનનાં નાબય/આસી. આરોગ્ય અધિકારી, તમામ મેડીકલ ઓફીસર, તમામ આસી. જંતુનાશક અધિકારી, પેરા મેડીકલ સ્ટાફ તેમજ શહેરની તમામ કોલેજોનાં એન. એસ. એસ. અને એન. સી. સી. નાં વિદ્યાર્થીઓને લઈને ખૂબ જ મોટા પ્રમાણમાં આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેર જનતાને હાથીપગાની ગંભીરતાને લઈને યોગ્ય સાથ–સહકાર આપવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## કતારગામ ઝોનની કામગીરી

(૧) નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮–૧૧–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી. પી. સ્કીમ નં.૨૪ (ટૂંકી), ફા. પ્લોટ નં.૩૦, માં આવેલ ઈશ્વરમોતી ઈન્ડસ્ટ્રીઝનાં સબ પ્લોટ નં.૬૩/એમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર દુકાન બનાવવાના ઈરાદે કોલમ બીમ ભરી ચણતર કરી માર્જીનમાં આર. સી. સી. સ્લેબ ભરેલ જે ગેરકાયદેસર આજ રોજ સંપૂર્ણ રીતે દૂર કરવામાં આવેલ છે.

(૨) નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯–૧૧–૨૦૦૮નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

મોજે કોસાડ, માં આવેલ રીલાયન્સ નગરના સબ પ્લોટ નં.૨૩૦, ૨૩૧માં હયાત ગ્રાઉન્ડ ફ્લોર ઉપર કોલમ, બીમ ભરી આર. સી. સી. સ્લેબ ભરવાના ઈરાદે સેન્ટરીંગ કામ કરવામાં આવેલ જે આશરે ૧૨૦૦ ચો. ફુટ જેટલુ સેન્ટરીંગ તથા કુલ ૬ (છ) કોલમો દુર કરવામાં આવેલ છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત  સંકલ્પ જયોત રથ" અંતગર્ત  સુરત મહાનગર પાલિકા ધ્વારા રંગોળી સ્પર્ધા

"સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જયોત રથ" અંતગર્ત  સુરત મહાનગર પાલિકા ધ્વારા રંગોળી સ્પર્ધા તા. ૦૮–૧૨–૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવે છે. સ્પર્ધામાં  સુરત શહેરના વરાછા ઝોનના લઈંકશન વોર્ડ નં. ૪ થી ૯ અને વોર્ડ નં ૧૯ ની હદમાં આવેલી માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિદ્યાર્થી /વિદ્યાર્થીનીઓ  તથા કલાકારો ભાગ લઈ શકશે. આ સ્પર્ધાઓ માધ્યમિક તથા ખુલ્લા વિભાગમાં યોજવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક  વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગલીસરા, સુરત ખાતેથી તા. ૦૬–૧૨–૨૦૦૮ સુધીમાં ઓફિસ સમય દરમિયાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ, અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

### પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં ૨૮ દબાણો દૂર કરવામાં આવ્યા.

સુરત શહેરના પૂર્વઝોન(વરાછા) વિસ્તારના ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર–નવાગામ) સુરત રેલ્વે પ્લેટ ફોર્મ નં. ૪ ની સુરત મહાનગરપાલિકાના રસ્તા તથા રીઝર્વેશન પ્લોટવાળી જગયામાં થી તેમજ માનગઢ ચોક થી સવાણી એસ્ટેટ સુધીના જાહેર રસ્તા પરથી દબાણની કામગીરી હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત આશરે ૨૨–લારી ગલ્લા તથા કેબીનોનું દબાણ તેમજ પલંગ –નં. ૪, સાયકલ –૧ હટાવવામાં આવેલ છે.

TOP

## "વિશ્વ એઈડસ દિન" નિમિતે વિવિધ કાર્યક્રમોનું સુરત મહાનગરપાલિકાનું આયોજન



૧ લી ડિસેમ્બર **"વિશ્વ એઈડસ દિન"** નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેના ભાગ રૂપે સવારે રેલી નો કાર્યક્રમ રાખેલ હતો ત્યારબાદ બપોરે ૪ઃ૦૦ વાગે સુરત મહાનગરપાલિકાના સરદાર ખંડ માં મ્યુનિસિપલ કાઉન્સિલરોની એડવોકસી મિટિંગનું આયોજન મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા ના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ. જેમાં મુખ્ય મહેમાનપદે ડે. મેયરશ્રી કૌશિકાબેન દેસાઈ, આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી જે. પી.શાહ, હોસ્પિટલ સમિતિ અધ્યક્ષશ્રી પિયુષ શિવશકિતવાળા હાજર રહયા હતા. ઉપરાંત અધિક નિયામકશ્રી , આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ર્ડા વિકાસબેન દેસાઈ, અધિક નિયામક ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી ર્ડા પ્રદિપકુમાર ગુપ્તા તથા ડે.કમિશનરશ્રી ૮હે અને હો૯ ર્ડા આઈ.સી.પટેલ હાજર રહયા હતા. મહેમાનોનું પુષ્પોથી સ્વાગત એસ.ટી.ડી. કેરની કાઉન્સેલર બહેનો દવારા કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ ડે.કમિશનરશ્રી ૮હે અને હો૯ ર્ડા આઈ.સી.પટેલે તમામ આમંત્રીતોનું સ્વાગત કર્યું હતું. ર્ડા પ્રદિપકુમાર ગુપ્તા એ રેડ રીબીન એક્ષપ્રેસ કાર્યક્રમની સફળતા માટે સુરત મહાનગરપાલિકાની સિધ્ધી બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા **HIV/AIDS** ની અટકાયત માટે વૈજ્ઞાનિક ઢબે અને ભારતિય સંસ્કૃતિ પ્રમાણે ફેરફારો કરી અમલમાં મુકી શકાય એમ જણાવ્યું હતું. અંતમાં ર્ડા વિકાસબેન દવારા સમગ્ર સુરતમાં એચ.આઈ.વી. એઈડસ ના દરમાં થઈ રહેલા વધારા પ્રત્યે ના કારણો દર્શાવી શહેર આર્થિક પ્રગતિમાં આગળ વધતું હોય ત્યારે શહેરના લોકો આ રીતે એચ.આઈ.વી./ એઈડસ નો શિકાર બને તે બાબતે ચિંતા દર્શાવી હતી સાથોસાથ તેમણે સ્વૈચ્છિક રકતદાન પર પણ ભાર મુકયો હતો. **GSNP+** ના પ્રમુખ દક્ષા બહેને પોતાની આપવીતી જણાવતા કહયું હતું કે એઈડસના દર્દી ને દયાની નહી પરંતુ સહાનુભૂતિ અને પ્રેમની જરૂર છે. "એઈડસ થી દુર રહો એઈડસગ્રસ્ત વ્યકિતથી નહી" એમ તેમણે જણાવ્યું. ત્યારબાદનો સમય ચર્ચા માટે કોંપોરેટર સમક્ષ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો . જેમાં શાળા કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ અને પરપ્રાંતિઓમાં વિવિધ કાર્યક્રમો કરી એચ.આઈ.વી. /એઈડસ વિશે માહિતી પહોંચાડવીં જરૂરી છે એવું દર્શાવવામાં આવ્યું હતું . અંતે ર્ડા એચ.કે. સોંધરવા એ તમામ આમંત્રીત મહેમાનોનો તેમનો કિંમતી સમય આપવા બદલ આભાર માન્યો હતો.

આ કાર્યક્રમ સમાપ્ત થયા બાદ જેઓ એઈડસ ને કારણે મૃત્યુ પામ્યા છે તેઓને શ્રધ્ધાંજલી આપવાના માટે ચોપાટી ખાતે **"મીણબત્તી પ્રગટાવવાનો કાર્યક્રમ"** રાખવામાં આવ્યો હતો જેમાં શહેરના મા. મેયરશ્રી હાજર રહયા હતા. જેમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ, કાઉન્સેલરો તથા વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

આ કાર્યક્રમના અનુસંધાનમાં ૨જી ડિસેમ્બર ના રોજ સવારે ૧૦ઃ૦૦ કલાકે ઉમરા પોલિસ વેલ્ફેર સેન્ટર ખાતે એચ.આઈ.વી./ એઈડસ જન જાગૃતિના હેતુસર પોલિસ વિભાગ સાથે એક **"એડવોકસી મિટિંગનું"** આયોજન સુરત શહેરના પોલિસ કમિશનરશ્રી આર.એમ.એસ બ્રાર ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું જેમાં જોઈન્ટ પોલિસ કમિશનરશ્રી પારઘી, ડી.સી.પી શ્રી સિધ્ધાર્ત ખત્રી, અધિક નિયામક આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ડા. વિકાસબેન દેસાઈ, અધિક નિયામક ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી ર્ડા. પ્રદિપકુમાર ગુપ્તા તથા ડે.કમિશનરશ્રી ૮હે અને હો૯ ર્ડા આઈ.સી.પટેલ તથા પારસ પી.એસ.એમ પ્રોજેકટના વડા ડા. જે. કે.કોસંબીયા તેમજ ૧૫૦ જેટલા પોલિસ કર્મચારીઓ હાજર રહયા હતા.

ર્ડા પ્રદિપકુમારે સમગ્ર ગુજરાત રાજયમાં સુરતમાં શાં માટે એચ.આઈ.વી./ એઈડસ નું પ્રમાણ વધુ છે તનો ચિતાર આપ્યો તેમજ તેમણે વધુ જોખમ ધરાવતા જુથ જેવા કે રૂપજીવીની બહેનો, સમલૈગીંક પુરુષો, ઈન્જેકશન દવારા માદક દ્રવ્યોનુ સેવન કરનારા અને સ્થળાંતરીત કામદાર વર્ગ વગેરે વિશે માહિતી આપતા જણાવ્યું કે તેઓમાં જાગૃતતા હશે તો જ તેમના થકી સમાજ ના અન્ય લોકોમાં એચ.આઈ.વી ફેલાતો અટકાવી શકીશું.

ર્ડા.વિકાસબેન દેસાઈએ સમગ્ર સુરત શહેરની એચ.આઈ.વી./ એઈડસની વર્તમાન પરિસ્થિતિ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી . આ ઉપરાંત શહેરમાં ઉપલબ્ધ સેવાઓ પૈકી પોઝિટીવ વ્યકિતઓના સંગથન, કેર સેન્ટર , એ.આર.ટી. સેન્ટર, વાત્સાયન કેન્દ્રો, મમતા કિલનીક તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે વિશેની માહિતી આપી હતી. અંતમાં આજનાં કાર્યક્રમ બાદ પોતાનો પ્રતિભાવ આપતા પોલિસ કમિશનરશ્રી બ્રારસાહેબે જણાવ્યું હતું કે પોલિસ વિભાગ નો પુરેપુરો સહકાર એચ.આઈ.વી./ એઈડસ અટકાયતમાં રહેશે. આ માટે તેમણે અમુક કર્મચારીઓ ને સહપ્રશિક્ષક તરીકેની તાલીમ આપવામાં આવશે એવું જણાવ્યું . કાર્યક્રમ ના સમાપને ડી.સી.પી. શ્રી સિધ્ધાર્ત ખત્રી એ આભાર વિધિ કરી હતી . આ સમગ્ર વર્કશોપનું સંચાલન ર્ડા જે. કે.કોસંબીયા મારફતે કરવામાં આવ્યું હતું. ઉપરોકત તમામ કાર્યક્રમોનું આયોજન તેમજ અમલીકરણ ડે.કમિશનરશ્રી (હે અને હો) ર્ડા. આઈ.સી.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

TOP

# ''સ્કુલ ચિલ્ડ્રન હોલ'' ની ઉદઘાટનવિધિ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે સંપન્ન



સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર ઝોનમાં ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે છત્રપતી શીવાજી માર્ગ સુરત ખાતે આજ રોજ તા.૦૪–૧૨–૨૦૦૮નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે ''સ્કુલ ચિલ્ડ્રન હોલ'' ની ઉદઘાટનવિધિ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે સંપન્ન થઈ.

રાંદેર ઝોન ખાતે રૂા.૭૦ લાખના ખર્ચે ''સ્કુલ ચિલ્ડ્રન હોલ'' સાકારિત કરવામાં આવેલ છે. સદર મલ્ટી પર્પઝ હોલમાં સ્ટેજ, જેન્ટસ/લેડીઝ ગ્રીન રૂમ, સહિતની સુવિધા સાથે ૮૭૬.૫૪ ચો. મીટરનું બાંધકામ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પાર્કીગ, ખુલ્લો પ્લોટ, કીચન, ટોયલેટ, સંપૂર્ણ સુવિધા સાથે સુસજજ અંદાજીત ૫૧૩૦ ચો. મી.ના હોલ નુ નિર્માણ કરવામાં આવેલ છે. આશરે ૮ માસના ટુંકા ગાળામાં સંપૂર્ણ સુવિધા સાથે''સ્કુલ ચિલ્ડ્રન હોલ''નું નિર્માણ સાકારિત થયેલ છે. અન્ય સુવિધામાં અંડરગ્રાઉન્ડ ૧૬૦૦૦ લી. પાંણીની ટેંક તથા ૭૦૦૦ લીટર ઓવર હેડ વોટર ટેન્કની સુવિધા ઉપલબ્ધ છે.



રાંદેર ઝોનમાં સાકારિત થયેલ આ સુવિધાથી શાળાના બાળકોની પ્રતિભામાં વધારો,ઈતર પ્રવૃત્તિમાં રૂચી વધે તે માટે એક પ્લેટફોર્મ મળી રહેશે. આ વિસ્તારના નાગરિકો માટે અન્ય હેતુ માટે પણ આ હોલનો ઉપયોગ કરી શકશે. જેથી આ વિસ્તારના નાગરિકોને વધારાની સુવિધા પણ પ્રાપ્ત થશે.

આ પ્રસંગે ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, શાસક પક્ષના નેતા ડો.જગદીશભાઈ પટેલ, વિરોધપક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, મ્યુ. કમિશનરશ્રી, એસ. અપર્ણા, અધિકારીશ્રીઓ/ કર્મચારીગણ તથા વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP